GJCU020034892025

---

**મહે. અધિક જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ:છોટાઉદેપુર.**

---

**ફો. કેસ નં. ૨૭૨૮/૨૦૨૫**
**આંક:-૦૬**

---

**<u>ફરીયાદી</u> :- શ્રી સ ર કા ર ...**

**વિરૂઘ્ધ.**

**<u>આરોપી</u> :-** કમલેશભાઈ ગોહટાભાઈ રાઠવા
રહેવાસી.ડોલરીયા
તા.જી. છોટાઉદેપુર.

---

**ગુનો:- પ્રોહીબીશન ની કલમ:- ૬૫ એઈ,૯૮ (૨) મુજબ....**

---

## <u>-:ચુ કા દો:-</u>

ફરીયાદ પક્ષે કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે વગર પરમીટે પોતાના કબજામાં આ કામના આરોપી પ્રોહી.પ્રતિબંધક એરીયા વગર પાસ પરમિટે ગે.કા.રીતે ભારતીય બનાવટનો વીદેશી દારૂ હોલ નંગ-૧૨ ની કુલ કી.રૂા.૬૫૪૦/- નો પ્રોહી મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન સ્થળ ઉપર મળી આવી તે સબબની ફરીયાદ ફરીયાદીએ આપતાં ફરીયાદીની ફરીયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂઘ્ધ પ્રોહીબીશન એકટની ઉપરોકત કલમ મુજબના ગુન્હાઓ સબબનું ચાર્જશીટ રજુ કરેલ છે.આંક-૦૪ થી આરોપી ની પ્લી નોધવામાં અવેલ છે જે પ્લીમાં આરોપી એ ગુનાનો એકરાર કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજુ કરતાં તે પુરશીશ આંક-૦૫ થી રેકર્ડ ઉપર નોધવામાં આવેલ છે.

આરોપી તેની કબુલાત પુરશીશ આજરોજ આપી જણાવે છે કે, અમો આરોપી સદરહુ કામે ગુન્હાની સ્વેચ્છાપુર્વક કબુલાત કરી જણાવીએ છીએ કે અમો ગરીબ વર્ગના છીએ બાળબચ્ચાવાળા છીએ સદરહુ ગુન્હો અમોથી ભુલમા થયેલુ છે અને તે ગુન્હો કરવાનો અમારો બદઈરાદો ન હતો.અમારો કોઈ ગુન્હાઈત ઈતીહાસ નથી.અમો રીઢા ગુનેગાર નથી.અને આ પછી ગુન્હાનું પુનરાવર્તન અમો નહી કરીએ તેની ખાતરી આપીએ છીએ. તેથી એક સારા નાગરીક તરીકે જીવન જીવવાની તક આપીને અમને હળવી સજા કરવા વિનંતી કરીએ છીએ.

હાથ ઉપરના કેસમાં આરોપી કાયદા હેઠળની સમજ કરવામાં આવેલ છે. તેમ છતાં તેનો ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોકત કબુલાતને નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. તે ઉપરાંત કેસ ના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગે ના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧), જી.એલ.આર.પાના ૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શક સીધ્ધાંતો ને ધ્યાને લેતા આરોપી સામે હાલ નો પ્રથમગુન્હો હોવાનું જણાવેલ છે અને પોતે ગરીબ માણસ હોય તેમજ કુંટુંબ કબીલાવાળો હોય તેના કુંટુંબની દેખભાળ રાખનાર તે એક માત્ર ઈસમ હોય આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે.જેથી આરોપી ને સુધરવાની તક મળે અને કેસ ના સંજોગો ને ધ્યાનમાં લઈ ન્યાયના હીતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

−:: હુકમ ::−

આ કામના આરોપી–કમલેશભાઈ ગોહટાભાઈ રાઠવા– બી.એન.એસ.એસ ની કલમ–૨૬૪ મુજબ થી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–*૬૫ એ.ઈ,૯૮(૨)*મુજબ ના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૩૦૦/− ( અંકે રૂપિયા ત્રણસો પૂરા ) દંડ કરવામાં આવેલ છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન−૦૨ ની સાદી કેદ ની સજાનો હુકમ કરવામાં આવે છે.

સદર ગુનામા પકડાયેલ પ્રોહીબીશન મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે. તથા સદર ગુનામા પકડાયેલ જે વાહન બજાજ કંપનીની પલ્સર મો.સા. રજી.નં.જીજે.૦૬.ઈએન.૭૧૧૩ જે અંગે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો અને જો કોઈ સદર ગુનામા પકડાયેલ મુદામાલ વાહન બજાજ કંપનીની પલ્સર મો.સા. રજી.નં.જીજે.૦૬.ઈએન.૭૧૧૩ નો વચગાળાનો હુકમ ન થયેલ હોય તો સદર મુદામાલ વાહનના ઓનર ની ખરાઈ કરી મુદામાલ વાહન મુળ ઓનરને અપીલ સમય બાદ પરત કરવુ.

ઉપરોકત હુકમ આજરોજ તા.૧૨ મી જુલાઈ ૨૦૨૫ ના રોજ સ્પીશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામા આવે છે.

સ્થળ :– છોટાઉદેપુર

**(અમીષ પ્રફુલચંદ્ર જોષી)**
**અધીક .સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,**
**છોટાઉદેપુર**
**Judge Code:- GJ01446**

Receipt No.-____________/2025
Received Rs. 300/- Three hundred Rupees Only
Date-12 / 07 / 2025 Nazir